૧૨૧૨

| | | |
|---|---|---|
| | પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર<br>ખાસ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬<br>E mail ID: spl-cp-raj@gujarat.gov.in | |

♣♣♣♣♣ બોરવેલ અંગેનું જાહેરનામું ♣♣♣♣♣

♣♣♣♣♣ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) - ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ♣♣♣♣♣

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

ક્રમાંક:એસ.બી./૧૪/બોરવેલ/જાહેરનામું/ ૯૬૦૭ /૨૦૨૫

તા.૨૨/૦૪/૨૦૨૫

રાજકોટ શહેરના પોલીસ કમિશ્નરેટ વિસ્તારની હદમાં ખેતીના ઉપયોગ માટે ખેડૂતો દ્વારા તેમજ અન્ય કારણોસર લોકો દ્વારા બોરકુવા ખોદવામાં આવે છે આવા બોરકુવા અને કેટલાંક કારણોસર પાણી મળી ન આવતા અથવા રદ બાતલ થઇ જતા બોરકુવા, પાઇપ લાઇન બંધ કર્યા સિવાય આવા બોરકુવા ખોદાવનાર માલીકો જે-તે હાલતમાં ખુલ્લા છોડી દે છે અને આવી બેદરકારીને કારણે નાના બાળકો કેટલીક વાર આ ખુલ્લા છોડી દીધેલ બોરકુવાના પાઇપમાં આકસ્મિક રીતે પડી જતાં બાળકોના જીવલેણ અકસ્માત થતા આવ્યા છે. જે ઘણી જ ગંભીર બાબત છે. આમ આવા નાના બાળકો જીવલેણ અકસ્માતનો ભોગ ન બને તે આશય થી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ ૬૪ (ગ) તથા ૬૬ (જ) ની જોગવાઇ હેઠળ આવા બનાવોમાં બને તેટલાં પ્રયત્નો કરી આવા કૃત્યોને રોકવા અંગે તેમજ લોકોને કોઇપણ અકસ્માત કે જોખમ થતું અટકાવવા પોતાના થી બનતા ઉપાય લેવા અંગેની ફરજ અને અધિકાર મુજબ સલામતી અને બાળ મૃત્યુના બનાવો અટકાવવા થોડા નિયંત્રણો મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) - ૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) -૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરુ છું. અને નીચે મુજબનો હુકમ કરૂ છું.

♣♣♣♣♣ હુકમ ♣♣♣♣♣

(૧) જે-તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સબંધીત વિભાગની મંજુરી મેળવેલ છે તે અંગેની જાણ જમીન માલીક/બોર માલીક તથા બોર બનાવતી એજન્સીએ સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે.

(૨) બોરવેલ બનાવ્યા બાદ કોઇ જાનહાની થાય નહી.અથવા બોરવેલમાં કોઇ બાળક કે અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ અકસ્માત ન સર્જાય તે અંગેના તમામ તકેદારીના પગલાં જેવા કે, બોરવેલને ફરતી મજબુત ફેન્સીંગવાડ/દિવાલ કરાવવાની રહેશે અને તે અંગેની ખાત્રી સબંધીત પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કરાવવાની રહેશે.

(3) જૂના તથા બંધ પડેલ તથા અવાવરૂ પરિસ્થિતી હોય તેવા બોરવેલના જમીન માલીકોએ બોરવેલની પાઇપ લાઇન બંધ કરવા ઉપરાંત ઉપરોકત કાળજી રાખવાની રહેશે.

♣♣♣♣♣ અમલવારીનો સમય ♣♣♣♣♣

આ જાહેરનામાનો અમલ તા.૦૧/૦૫/૨૦૨૫ ના ક.૦૦/00 થી તા.30/0૬/૨૦૨૫ ના ક.૨૪/00 સુધીનો રહેશે.

♣♣♣♣♣ અમલવારીનો વિસ્તાર ♣♣♣♣♣

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

♣♣♣♣♣ શિક્ષા ♣♣♣♣♣

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા (BNS) - ૨૦૨૩ ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

****** જાહેર વિજ્ઞપ્તિ ******

હું આથી આદેશ આપુ છુ કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ તારીખ:- 22 /૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(બ્રજેશ કુમાર ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

નકલ સવિનય રવાના:-

(૦૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૦૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૦૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૦૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૦૫) કલેકટરશ્રી, રાજકોટ જીલ્લા.
(૦૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૦૭) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
(૦૮) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૦૯) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨, કાઇમ અને ખાસ શાખા, ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.
(૧૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર
(૧૨) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૩) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૧૪) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર.
(૧૫) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૭) તમામ પો.સ્ટે. થાણા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર (પાંચ નકલમાં નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૯) કન્ટ્રોલ ઈન્ચાર્જશ્રી, રાજકોટ શહેર (તમામ વર્તમાન પત્રોને તથ ન્યુઝ ચેનલને આપવા સારૂ)
(૨૦) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૨૧) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૨૨) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૨૩) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ. કચેરી, રાજકોટ શહેર.
(૨૪) પી.ઇન્સ. શ્રી, કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૫) એ.સી.પી.શ્રી, સાયબર કાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૨૬) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)